# 3rd Senior Officials Meeting of Arab-India Cooperation Forum

January 12, 2021

## આરબ-ભારત સહકાર મંચની 3જી સીનિયર અધિકારીઓની બેઠક

જાન્યુઆરી 12, 2021

1. આરબ-ભારત સહકાર મંચની ત્રીજી સીનિયર અધિકારીઓની બેઠક 12 જાન્યુઆરી 2021 નાં રોજ વિડીયો કોન્ફરન્સ મારફત યોજાઇ હતી. આ બેઠતની સહ-અધ્યક્ષતા સચિવ (CPV & OIA) શ્રી સંજય ભટ્ટાચાર્ય અને ઇજિપ્તનાં સહાયક વિદેશ મંત્રી અને લીગ ઑફ આકબ સ્ટેટ્સમાં કાયમી પ્રતિનિધિ એમ્બેસેડર મોહમદ અબુ અલ-ખૈર દ્વારા કરવામાં આવી હતી જેમાં આરબ રાજ્યો અને ભારત તથા લીગ ઑફ આરબ સ્ટેટ્સમાંથી જનરલ સચિવાલયનાં સીનિયર અધિકારીઓએ ભાગ લીધો હતો.

2. સીનિયર અધિકારીઓએ આરબ વિશ્વ અને ભારત વચ્ચે અસ્તિત્વમાં રહેલ ઐતિહાસિક અને સાંસ્કૃતિક જોડાણો યાદ કર્યા હતા અને બે પક્ષોને જોડવામાં વાણિજ્યીક અને સાંસ્કૃતિક જોડાણોનાં યોગદાનને રેખાંકિત કર્યું હતું. તેઓએ આરબ-ભારત સહકાર માટે મજબૂત પાયો, મહાન ક્ષમતા અને બૃહદ-શ્રેણીમાં ભવિષ્ય, તથા વિપુલ અવકાશ ધરાવતી ક્ષિતિજો તરફ આરબ-ભારત સંબંધો આગળ વધારવા આ મંચ ભૂમિકા ભજવી શકે તેની વૃષ્ટિ કરી હતી.

3. સીનિયર અધિકારીઓએ પારસ્પરિક હિતોમાં ફરજ બજાવી શકે અને પ્રાંતિય તથા આંતરરાષ્ટ્રિય શાંતિ અને સુરક્ષા જાળવી રાખી શકે તે રીતે સહકાર અને સમન્વયની યંત્રણાઓ વધારે મજબૂત કરવાની અગત્યતા પર ભાર આપતા પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય એમ બન્ને સ્તરો પર પારસ્પરિક ચિંતાનાં મુદ્દાઓની ચર્ચા કરી હતી. આ સંબંધમાં, તેઓએ સંબંધિત આંતરરાષ્ટ્રિય કાયદેસરતાનાં નિરાકરણો અને સંબંધિત સમજૂતિઓ તથા સંદર્ભો અનુસાર, ખાસ કરીને પેલેસ્ટાઇન મુદ્દો, સીરિયા, લિબીયા અને યેમેનમાં કટોકટીઓ સહિત મધ્ય પૂર્વમાં પ્રાંતિય મુદ્દાઓ અને કટોકટીઓનાં રાજકીય નિરાકરણ માટેની જરૂરીયાતનું પુનઃઉચ્ચારણ કર્યું હતું, અને આતંકવાદનો સામનો કરવામાં અને આંતરરાષ્ટ્રિય કાયદાનાં સિદ્ધાંતો અનુસાર નેવિગેશનની સ્વતંત્રતા અને મેરિટાઇમ સુરક્ષા સુનિશ્ચિત કરવામાં સહકારની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો.

4. તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કોવિડ-19 મહામારીનાં ફેલાવાને કારણે વિશ્વ સામનો કરી રહ્યું છે તેવા અદ્વિતિય સંજોગો અને અભૂતપૂર્વ પડકારોને કારણે વિગ્રહો અને કટોકટીનાં ક્ષેત્રો સહિત આ મહામારીનાં પરિણામોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રિય અને પ્રાંતિય સહકાર વધારે મજબૂત કરવાની જરૂરીયાતની આવશ્યકતા છે. તે સંદર્ભમાં, તેઓએ ડાયગ્નોસ્ટિક્સ અને સારવારનાં ક્ષેત્રોમાં ભારત અને આરબ રાજ્યો વચ્ચે પ્રવર્તમાન ભાગીદારીની ચર્ચા કરી હતી, અને કોવિડ મહામારી બાદની આર્થિક રિકવરી તરફનાં સંબંધિત રાષ્ટ્રિય અભિગમો પર દ્રષ્ટિકોણોની આપ-લે કરી હતી.

5. આરબ પક્ષે બે-વર્ષની આવધી (2021-2022) માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં બિન-કાયમી સભ્ય તરીકે ચૂંટાઇ આવવા બદલ ભારત ગણરાજ્યને અભિનંદન પાઠવ્યા હતા, જ્યારે ખાસ કરીને પારસ્પરિક ચિંતાનાં મુદ્દાઓનાં સંદર્ભે સાથે આંતરરાષ્ટ્રિય સ્તર પર ભારતની સતત મહત્વની ભૂમિકાની અપેક્ષા રાખી છે.

6. સીનિયર અધિકારીઓએ આરબ-ભારત સહકાર મંચનાં ફ્રેમવર્કમાં સહકાર વધારવાનાં માર્ગો અને સંસાધનોની પણ ચર્ચા કરી હતી, જેમાં નીચેનાં ક્ષેત્રોનો સમાવેશ થતો હતો:

- અર્થતંત્ર, વ્યાપાર અને રોકાણ,
- ઊર્જા અને પર્યાવરણ,
- કૃષિ અને અન્ન સુરક્ષા,
- પ્રવાસન અને સંસ્કૃતિ,
- માનવ સંસાધન વિકાસ,
- શિક્ષણ અને આરોગ્ય સંભાળ,
- વિજ્ઞાન અને ટેકનોલોજી, અને
- મીડિયા.

7. તેઓ આરબ-ભારત સાંસ્કૃતિક ઉત્સવનાં 3જા સત્ર, ઊર્જાનાં ક્ષેત્રમાં આરબ-ભારત સહકાર પર પરિસંવાદ, 1લું આરબ-ભારત વિશ્વવિદ્યાલયનાં પ્રમુખોનું અધિવેશન, મીડિયાનાં ક્ષેત્રમાં આરબ-ભારત સહકાર પર 2જો પરિસંવાદ, અને આરબ-ભારત ભાગીદારી સંમેલનનું 6ઠ્ઠું સત્ર સહિત મંચની સંયુક્ત પ્રવૃત્તિઓનું વહેલું સમયપત્રક બનાવવા સંમત થયા હતા.

8. તેઓ બન્ને પક્ષે સાનુકૂળ તારીખ પર ભારતમાં આરબ-ભારત સહકાર મંચની 2જી મંત્રીઓની બેઠક યોજવા તરફ મીટ માંડી રહ્યા છે.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 12, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.